# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ.આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

## આજી નદીમાં એક્સપાયરી ડેટ વાળા નમકીન પેકેટ નાખવા બદલ સેલ્સમેન પાસેથી રૂ.૧૦,૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ:

તા.૨૪-૦૩-૨૦૨૫

રાજકોટ શહેરની વચ્ચેથી પસાર થતી આજી નદીના રામનાથ પરાના બેઠા પુલની બાજુમાં ડૉ. હેપી નમકીનના એક્સપાયરી ડેટવાળા નમકીન પેકેટનો મોટો જથ્થો નાંખવામાં આવેલ. રાજકોટ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા આ બાબતે તપાસ હાથ ધરતા ડૉ. હેપી નમકીન લોધિકા તાલુકાના ખાંભા ગામએ કંપની આવેલ હોઈ, તે કંપનીનો સંપર્ક કરતા તેમના ડીસ્ટ્રીબ્યુટર પાસેથી રૂ.૧૦,૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ તેમજ આ એક્પાયરી ડેટવાળા નમકીનના જથ્થાનો યોગ્ય નિકાલ કરવામાં આવેલ.

આ કામગીરી નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી એચ.આર.પટેલના માર્ગર્શન અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના પર્યાવરણ ઈજનેરશ્રી પ્રજેશ સોલંકીની સુચના હેઠળ પૂર્વ ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રી વી.આર. ચાવડા તથા વોર્ડ નં.૬ના સેનેટરી સબ ઇન્સ્પેકટરશ્રી મહેશ ગાંગાણી દ્વારા કરવામાં આવેલ.

(પર્યાવરણ ઈજનેર)
રાજકોટ મહાનગરપાલિકા